

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત આગમનની તૈયારીઓનો ધમધમાટ જોવા મળી રહ્યો છે. અમદાવાદ એરપોર્ટથી ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ્ સુધી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો ભવ્ય રોડ શૉ યોજાવાનો હોવાથી આ માર્ગ પર ઠેર ઠેર નાના નાના સ્ટેજ બનાવવામાં આવ્યા છે. વળી, સ્વાગતમ્ના મસમોટા બેનરો પણ ઠેરઠેર લાગી ગયા છે. લોખંડી એંગલોથી આસપાસનો વિસ્તાર કોર્ડન કરવામાં આવી રહ્યો છે. અહીં કાર્યકરોની મોટી ભીડ એકત્ર થવાની હોઈ સુરક્ષાના પુરતા પ્રબંધો કરવામાં આવી રહ્યા છે.

# ઈન્દિરાબ્રીજથી કમલમ્ કોબા, ઈન્દ્રોડા સર્કલ તેમજ 'જ' રોડ બંધ કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૧૧-૧૨ના ગુજરાત પ્રવાસને લઈ ગાંધીનગર શહેર તેમજ લવાડના રક્ષાશક્તિ યુનિ. સુધીના વિસ્તારને નો ફ્લાય ઝોન તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

વડાપ્રધાનની સુરક્ષાને ધ્યાને રાખી આજે જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘ દ્વારા ત્રણ માર્ગોને વાહન-વ્યવહાર માટે બંધ કરવાના તેમજ તેના વાહન-વ્યવહારને ડાયવર્ટ કરવા અંગેના જાહેરનામા પ્રસિદ્ધ કર્યા છે.

એરોડ્રામથી કોબા કમલમ્ અને કોબા-કમલમ્થી અક્ષરધામ ચોકડી (જ-રોડ)ને વાહનવ્યવહાર માટે બંધ કરવામાં આવેલ છે. ઈન્દિરાબ્રીજથી ઈન્દ્રોડા સર્કલ થઈ અક્ષરધામ ચોકડી સુધીનો રોડ (જ-માર્ગ) નો પાર્કિંગ ઝોન તરીકે પણ જાહેર કરવામાં આવેલ છે.

ઈન્દિરાબ્રીજથી આવતા વાહન-વ્યવહારને ડાયવર્ડ કરવામાં આવેલ છે. ઈન્દ્રોડા સર્કલથી એસ.જી. હાઈવે થઈ જવાનું રહેશે. શાહપુર સર્કલથી રિલાયન્સ સર્કલ થઈ સરગાસણ ચોકડીથી એસ.જી. હાઈવે થઈ ઉવારસદ થઈ ઝુંડાલ સર્કલ થઈ અમદાવાદ તરફ જવાનું રહેશે.

### દહેગામ-મોડાસા અને દહેગામ-બાયડ રોડ પણ ભારે વાહનો માટે બંધ કરવામાં આવ્યો

વૈકલ્પિક માર્ગ ગાંધીનગર તરફથી આવતા વાહન ચાલકોએ ભાટ-કોટેશ્વર આંતરિક માર્ગનો ઉપયોગ કરી તપોવન સર્કલ થઈ ઝુંડાલ સર્કલથી ઉવારસદ ચોકડીથી પસાર થવાનુ રહેશે. રીંગરોડ પર આવતા વાહનોએ એપોલો સર્કલથી તપોવન સર્કલ થઈ ઝુંડાલ સર્કલથી અડાલજ તરફ પસાર થવાનું રહેશે.

આ ઉપરાંત બાયડથી દહેગામ તરફ આવતા ભારે માલવાહક વાહનો માટે આ માર્ગ પ્રતિબંધિત કરી અને ડાયવર્ટ કરવામાં આવેલ છે. જેમાં કડજોદરા ગામેથી દેવકરણના ગામે જતા રોડ ઉપરથી કપડવંજ દહેગામ હાઈવે થઈ નહેરૂ ચોકડી તરફ ડાયવર્ટ કરવામાં આવેલ છે. મોડાસાથી દહેગામ આવતા ભારે માલવાહક વાહનો માટેનો પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવી તલોદથી મજરા તરફ જતા રોડ પર આ વાહનો ડાયવર્ડ કરવામાં આવશે.

# ગાંધીનગર શહેર-જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૬૪૪ ચોરીના બનાવો નોંધાયા

ગાંધીનગર, તા. ૧૦

આજે વિધાનસભાગૃહમાં દરિયાપુરના કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે ગાંધીનગર શહેર-જિલ્લામાં તા. ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર લૂંટ, ખૂન, ધાડ, ચોરી, બળાત્કાર, અપહરણ, ઘરફોડ ચોરી, રાયોટીંગ, આકસ્મિક મૃત્યુ, અપમૃત્યુ, ખૂનની કોશિશ, ચેઈન સ્નેચીંગ, મંદિરોમાં લૂંટ-ચોરી, ધાડના કેટલા બનાવ બન્યા તે પ્રશ્નના જવાબમાં સંબંધિત મંત્રીએ લેખિતમાં જણાવ્યું હતું કે વર્ષ ૨૦ માં શહેર-જિલ્લામાં લૂંટના ૧૦ બનાવો, ખૂનના ૨૨, ચોરીના ૨૬૯, બળાત્કારના ૧૬, અપહરણના ૭૨, ઘરફોડ ચોરીના ૯૫, રાયોટીંગના ૧૮, આકસ્મીક મૃત્યુના ૨૮૧ અને અપમૃત્યુના ૪૯૯, ખૂનની કોશીશના ૨૩, ચેઈન સ્નેચીંગના ૧૦, મંદિરમાં ચોરીના બે ગુનાઓ નોંધાયા છે. જ્યારે વર્ષ-૨૧-૨૨ દરમિયાન ગાંધીનગર શહેર-જિલ્લામાં લૂંટના ૨૩, ખૂનના ૧૯, ધાડના ૬, ચોરીના ૩૭૫, બળાત્કારના ૨૨, અપહરણના ૧૧૦, ઘરફોડ ચોરીના ૧૨૫, રાયોટીંગના ૨૨, આકસ્મિક મૃત્યુના ૩૩૪, અપમૃત્યુના ૫૪૪, ખૂનની કોશીશના ૨૦, ચેઈન સ્નેચીંગના ૭ અને મંદિર ચોરીના ત્રણ બનાવો નોંધાયા છે. જ્યારે આ ગુનાઓ પૈકી કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી તેવા પેટા પ્રશ્નના જવાબમાં જણાવાયુ હતુ કે વર્ષ ૨૦ દરમ્યાન ૧,૧૨૧, ઈસમોની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત વર્ષ ૨-૦૨૧ દરમિયાન ૧૨૦૪ ઈસમોની ધરપકડ કરવામાં આવી છે તેમ પણ ઉત્તરમાં ગૃહમંત્રીએ લેખીત ઉત્તરમાં જણાવ્યુ છે.

## ગાંધીનગર-શહેર-જિલ્લામાં બળાત્કારના છેલ્લા બે વર્ષમાં ૩૭ બનાવ નોંધાયા

ગાંધીનગર વિધાનસભા આજે માણસાના કોંગ્રેસના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે તા. ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર શહેર-જિલ્લામાં બળાત્કાર અને સામુહિક બળાત્કાર કેટલા બનાવ નોંધાયા તેના લેખિત જવાબમાં મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે તા. ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ ગાંધીનગર જિલ્લામાં ૧૪ અને શહેરમાં ૨ બનાવ નોંધાયા છે. જ્યારે તા. ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમિયાન ગાંધીનગર જિલ્લામાં ૧૮ અને શહેરમાં ૪ બનાવ નોંધાયા છે.

# પંચાયત મહાસભામાં જિલ્લાના ૨૯૦૦થી વધુ પદાધિકારીઓ હાજરી આપશે

ગાંધીનગર, તા. ૧૦

આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યોજાનાર ''પંચાયત મહાસભા-મારૂ ગામ મારૂ ગુજરાત'' કાર્યક્રમમાં જિલ્લાના ૨૯૦૦ થી વધુ પંચાયતના સભ્યો અને સરપંચો ભાગ લેશે.

આ કાર્યક્રમમાં જવા માટે તંત્ર દ્વારા ૫૪ જેટલી બસો મુકવામાં આવી છે. જિલ્લા પંચાયતના સભ્યો તેમજ તાલુકા પંચાયતના પ્રમુખોને લઈ ગાંધીનગર જિલ્લા પંચાયત ખાતેથી સવારે ૧૧ વાગે બસ ઉપડશે.

આ કાર્યક્રમની તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. જિલ્લા તંત્ર દ્વારા જિલ્લા પંચાયત ખાતે ખાસ કંટ્રોલરૂમ પણ શરૂ કરવામાં આવેલ છે.

### ૫૪ બસો તાલુકા મથકેથી તો જિલ્લા પંચાયત ખાતે પંચાયતના સભ્યો અને પ્રમુખોને લઈ જવાશે

ચારેય તાલુકામાંથી ૧૦ વાગે બસો ઉપડી અને ૧૨.૩૦ સુધીમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પહોંચશે.

મળતી વિગતો પ્રમાણે ૧૦૦ ટકા કેપીસીટી સાથે બસોમાં પંચાયતના સભ્યો અને સરપંચો જશે.

ગુજરાતમાં પહેલીવાર પંચાયત મહાસભાનું આયોજન કરવામાં આવી રહ્યુ છે પંચાયતોના આર્થિક માળખાને મજબુત બનાવવા લેવાયેલા પગલાંઓ સહિતની બાબતો અંગે વક્તાઓ તેમના વક્તવ્યો આપશે.

# શહેર-જિલ્લામાં કોરોનાના ૫ નવા કેસ

### શહેરમાં ૪ કેસ અને ગ્રામ્ય વિસ્તારમાં દહેગામમાં એક કેસ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના આજે ૫ કેસ નોંધાયા છે. ગાંધીનગર શહેરમાં ૪ અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયેલ છે.

શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ઘટ્યુ છે તેથી તંત્રને પણ રાહત છે. શહેર-જિલ્લામાં આજે નોંધાયેલ કેસ સહિત ૩૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે પેથાપુર, બોરીજ, સે. ૨ અને સે. ૭ માંથી કેસ મળી આવેલ છે. આજે નોંધાયેલ કેસમાં એક મહિલા દર્દી છે. આજે નોંધાયેલા દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે ૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલ કેસો સહિત ૧૬ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના ભોઈ વડોદરા ગામે એક મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલ કેસ સહિત ૧૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૮૮ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

# વાવોલમાં ગુડાના કોમર્શિયલ પ્લોટની રૂ ૫.૩૧ કરોડની બોલી

### વાવોલમાં ૧૭૮૮ ચો મી ક્ષેત્રફળ માટે તળિયાની કીંમત રૂ ૨૮૩૦૦ નિયત કરાઇ હતી : હરાજી દરમિયાન તળિયાની કીંમત કરતા ૫ ટકા વધુ ઉંચી બોલી : ગુડાને તગડી આવક

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસના અનેકવિધ કામો અને માળખાગત સુવિધા ઉભી કરવાની કામગીરીને વેગ આપવા માટે આવકના નવા સ્ત્રોત ઉભા કરવામાં આવી રહ્યા છે. જયારે ગુડાને કપાતની જમીનમાંથી ઉપલબ્ધ થયેલા પ્લોટસની પણ તબક્કાવાર હરાજી કરવામાં આવી રહી છે. ગુડા દ્વારા આજે વાવોલમાં ૧૭૮૮ ચો મી નુ ક્ષેત્રફળ ધરાવતા ફાઇનલ પ્લોટ નં -૨૯૭ ની આજે હરાજી કરવામાં આવી હતી. પ્લોટની હરાજી માટે પ્રતિ ચો મી તળિયાની કીંમત ૨૮૩૦૦ નિયત કરવામાં આવી હતી જયારે હરાજી દરમિયાન તળિયાની કીંમતથી ૫ ટકા ઉંચા ભાવની બોલી લાગી હતી. શિલ્પ ઈન્ફાસ્ટ્રકચર દ્વારા પ્લોટ માટે પ્રતિ ચો મી રૂ ૨૮૩૦૦ ની બોલી લગાવામાં આવી હતી. પ્લોટની હરાજીના અંતે ગુડાને રૂ ૫.૩૧ કરોડની આવક થઈ હતી.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાના વિવિધ વિસ્તારમાં સ્થિત રહેણાંક અને કોર્મશિયલ પ્લોટસની હરાજી માટે આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા કક્ષાએથી વિવિધ ૪ ટાઉન પ્લાનીંગ સ્કીમના વિસતારમાં વાણિજય તેમજ રહેણાંકના હેતુ માટે ઓનલાઈન હરાજી પધ્ધતિથી જમીનનુ વેચાણ કરવા માટેની પ્રકીયા હાથ ધરવામાં આવી છે. જયારે આ અન્વયે સરગાસણ, કુડાસણ, પોર અને વાવોલના ટાઉન પ્લાનીંગ સ્કીમના વિસ્તારમાં ૪ જેટલા પ્લોટની પસંદગી કરવામાં આવી છે. શહેરી વિકાસ સત્તા મંડળને જે જમીન કપાતમાં મળી છે તેમાંથી ચાર પ્લોટ ઈ ઓકશન કરીને વેચાણ આપવાનો નિર્ણય લેવાયો છે. જયારે ઈ ઓકશન દ્વારા પ્લોટ ખરીદવા માંગનાર આસામી કે પેઢીએ ગુડાના નિયમ અનુસાર ડિપોઝીટની રકમ પણ ભરાવાનો નિર્ણય લેવાયો હતો. જયારે નિયત સમયમા રકમ નહીં ચુકવનાર પાસેથી ડિપોઝીટની રકમ જપ્ત કરવાની આકરી શરત પણ રાખવામાં આવી છે. જયારે આ આયોજન અન્વયે આજે ગુડા દ્વારા

● અનુસંધાન પાન-૭ પર


# જિલ્લામાં માસ્કના દંડ પેટે ૪.૩૨ કરોડનો દંડ વસુલાયો

### કલોલમાં ૧૯૪૬ અરજીઓ પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ મળી : બે વર્ષમાં માસ્ક નહિ પહેરવા બદલ ૯૭,૭૧૭ લોકો પાસેથી રૂ. ૪,૩૨,૫૭,૨૦૦નો દંડ વસુલવામાં આવ્યો છે : મુખ્યમંત્રી, જિલ્લાના શહેરી વિસ્તારોમાં સાતમા તબક્કાના સેવાસેતુ ૧૨ યોજાયા

ગાંધીનગર, તા. ૧૦

આજે રાજ્ય વિધાનસભાગૃહની બે બેઠકો હતી. હવે શુક્ર, શનિ અને રવિવાર ગૃમાં રજા રહેશે. આજે પાંચ રાજ્યોની ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા હોવાથી ગૃહની કાર્યવાહીમાં સભ્યોને થોડોક ઓછો રસ જણાયો હતો.

બપોર પછીની બેઠકમાં પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન પણ સામાન્યતઃ જોવા મળતી રાજકીય ઉત્તેજનાઓ બહુ જોવા મળી ન હતી. આજે બપોર પછીની બેઠકમાં અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાનો આરંભ થયો છે. આજે પ્રથમ દિવસે રાજયના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ચર્ચામાં ભાગ લીધો હતો. ચર્ચાનો આરંભ વિપક્ષના નેતા સુખરામભાઈ રાઠવાના પ્રવચનથી થયો હતો અને તેઓએ



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

લગભગ ૨૦ મિનિટ સુધી પ્રવચન કર્યુ હતુ.

● **કલોલ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજના**

કલોલના કોંગી ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કલોલ તાલુકામાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ કલોલ તાલુકામાં ઔડાના હદમાં આવતા ગામોમાં પીએમ આવાસ યોજના માટે ૧૯૪૬ અરજીઓ મળી.

તેમણે સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે આ પૈકી ૧૪૬૫ અરજીઓ મંજૂર કરવામાં આવી અને ૯૯.૯૬ કરોડની રકમ ચૂકવવામાં આવી છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવાયુ છે કે ૨૭૬ મકાનોના કામ પૂર્ણ કરવામાં આવ્યા છે.

● **ફાયરસેફ્ટી કચેરીમાં લાંચ પ્રકરણ**

કોંગીના વીરજીભાઈ ઠુમ્મરે ૩૧-૧-૨૨ની સ્થિતિએ છેલ્લા ૬ માસમાં ગાંધીનગર ફાયરસેફ્ટી કચેરીના કેટલા અધિકારી લાંચ લેતા પકડાયા તેવા પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે રૂ. પાંચ લાખની લાંચ લેતાં એક અધિકારીને પકડવામાં આવ્યા છે.

આ આરોપીની અટક કરી, નામદાર સેશન્સ કોર્ટ દ્વારા આરોપીના રેગ્યુલર જામીન ના મંજૂર કરવામાં આવેલ છે અને આરોપી હાલ જ્યુડીશીયલ કસ્ટડીમાં છે.

● **માસ્કના નિયમનો ભંગ**

સોજીત્રાના પૂનમભાઈ પરમારે ૩૧-૧-૨૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં પોલીસ દ્વારા માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર વ્યક્તીઓ પાસેથી વસુલાયેલ દંડ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૧-૧-૨૦ થી ૩૧-૧-૨૧ દરમ્યાન ૭૯,૯૧૧ લોકો પાસેથી ૨,૫૩,૯૯,૦૦૦ રૂ. અને ૧-૨-૨૧ થી ૩૧-૧-૨૨ દરમ્યાન ૧૭,૮૦૬ લોકો પાસેથી ૧,૭૮,૫૮,૨૦૦ રૂ.નો દંડ વસુલવામાં આવેલ છે.

બે વર્ષમાં ૯૭,૭૧૭ લોકો પાસેથી રૂ. ૪,૩૨,૫૭,૨૦૦નો દંડ વસુલવામાં આવેલ છે. ગાંધીનગરમાં ૬ વ્યક્તિ વિરૂદ્ધ આપીસી-૧૮૬૦ તથા એપેડેમીક ડીસીઝ એક્ટ ૧૯૮૭ની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધવામાં આવેલ છે.

● **''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને લાભ**

ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ''પર ડ્રોપ મોર ક્રોપ'' અંતર્ગત ખેડૂતોને આપવામાં આવેલ લાભ અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના ''પર ડ્રોપ મોર ક્રોપ'' સૂક્ષ્મ સિંચાઈ હેઠળ ૨૩૯૬ ખેડૂતોએ લાભ મેળવ્યો છે.

તેમણે જણાવ્યુ છે કે ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ૧૩૮૩ અને ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૧૦૧૩ ખેડૂતોએ લાભ મેળવેલ છે.

તેમણે જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૧ સ્થિતિએ આ યોજનાથી જિલ્લામાં બે વર્ષમાં ૩,૩૦૯ હેક્ટર વિસ્તાર સૂક્ષ્મ સિંચાઈ હેઠળ આવરી લેવામાં આવેલ છે. ૧-૧-૨૦ થી ૩૧-૧૨-૨૦ દરમ્યાન ૧૯૫૯ હેક્ટર અને ૧-૧-૨૧ થી ૩૧-૧૨-૨૧ દરમ્યાન ૧૩૫૦ હેક્ટર વિસ્તારને આવરી લેવામાં આવેલ છે.

● **ફ્લાઈંગ સ્કવોડ દ્વારા ચેકિંગ**

માણસાના સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૨૧ની સ્થિતિએ સ્ટેટ ફ્લાઈંગ

● અનુસંધાન પાન-૭ પર



સ્થળ નિરીક્ષણ - પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની નિશ્રામાં શુક્રવારે યોજાનાર પંચાયત મહાસભાના સ્થળે જી.એમ.ડી.સી. ગ્રાઉન્ડ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, વરિષ્ઠ મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓએ સમગ્ર આયોજન અંગે સ્થળ નિરીક્ષણ કર્યું હતું... મુખ્યમંત્રીએ અધિકારીઓ પાસે ઝીણામાં ઝીણી વિગતો મેળવી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. રાજયભરના પંચાયત પદાધિકારીઓના મહાસંમેલનને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સંબોધન કરવાના છે ત્યારે તૈયારીઓમાં કોઈપણ કચાસ ન રહે તે માટે સૌ ચીવટ રાખી રહ્યા છે.

# સેકટરોમાં ફેન્સીંગના દબાણો સ્વેચ્છાએ દુર કરવા કમિશ્નરની જાહેર સુચના

### સ્માર્ટ સીટીના પ્રોજેક્ટ અન્વયે પાણી અને ગટરની લાઇન સહીત માર્ગોનુ કામ હાથ ધરવામાં આવતા ફેન્સીંગના દબાણો દુર કરાશે : રહીશો કે દબાણકર્તાઓ સ્વેચ્છાએ દબાણ દુર નહી કરે તો જવાબદાર સંસ્થા કામ હાથ ધરશે નુકશાન થાય તો જવાબદારી દબાણકર્તાની રહેશે

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. પરંતુ સેકટરોની ભીતરમાં હજુ સમસ્યાઓની ભરમાર છે. હાલ શહેરમાં પાણી ગટરની નવી લાઈન નાંખવા માટે કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે માર્ગોના વાઇડનીંગનુ કામ પણ હાથ ધરવામાં આવ્યુ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં ઘર આંગણે ઉભા કરાયેલા ફેન્સીંગના દબાણો રહીશોને સ્વેચ્છાએ દુર કરવા માટે જણાંવાયુ છે. આ કામગીરી દરમિયાન જવાબદાર સંસ્થા દ્વારા દબાણો દુર કરવામાં આવે તેવા કિસ્સામાં નુકશાની થાય તો પણ જવાબદારી દબાણકર્તાઓની રહેશે તેમ પણ જણાંવાયુ છે.

ગાંધીનગર શહેરમાં સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે પાણી ગટરની નવી લાઈન નાંખવામાં આવી રહી છે. શહેરમાં દાયકાઓના અંતે પાણી ગટર લાઈનની ક્ષમતા હાલની વસતી અને વિકાસ મુજબ પર્યાપ્ત ન હોવાથી કરોડોના ખર્ચે આ બન્ને પ્રોજેકટનુ કામ હાથ ધરાયુ છે. આ ઉપરાંત સેકટરોમાં પ્રવેશવા માટેના એપ્રોચ માર્ગોને પણ ફોરટ્રેક કરવામાં આવી રહ્યા છે. શહેરના સેકટરોમાં હાલ પાણીની નવી લાઈન નાંખવા માટે કામગીરી ચાલી રહી છે. સ્માર્ટ સીટીમાં ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે બીજીતરફ ગટર લાઈનને અનુલક્ષીને પણ મોટા ડાયામીટરની નવી લાઈન નાંખવા માટે તંત્ર કામે લાગ્યુ છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં એપ્રોચ માર્ગો પર ટ્રાફિકનુ પ્રમાણ છેલ્લા કેટલાક સમયથી વધી ગયુ છે. જેના લીધે સેકટરોના એપ્રોચનુ પણ વાઇડનીંગ કરવામાં આવી રહ્યુ છે. આ ત્રણેય કામગીરી માટે હાલ કોર્પોરેશન સહીત પાટનગર યોજના વિભાગ અને કોર્પોરેશનના તંત્રએ યુટીલીટીઝ લાઈનનો પણ વિશેષ ખ્યાલ રાખી કામ કરવુ પડે તેમ છે. ત્યારે સેકટરોમાં રહેણાંક વિસ્તારમાં ફેન્સીંગના દબાણો પણ ખુબ જ વધી ગયા છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ પણ કોર્મશિયલ વિસ્તારને અનુલક્ષી મોટામસ ફેન્સીંગના દબાણો તાંણી બંધાયા છે. આ ઉપરાંત રહેણાંક વિસ્તારમાં પમ કર્મચારીઓને ફાળવવામાં આવેલા પ્લોટસ કરતા મોટુ ફેન્સીંગ કરી જગ્યા રોકી લેવામાં આવી છે. એક રીતે બિન અધિકૃત દબાણો વધી ગયા છે. જયારે હરિયાળી અને બગીચાના નામે પણ મોટા દબાણો જોવા મળી રહ્યા છે. જેના લીધે રહેણાંક વિસ્તારમાં પણ પાર્કીંગ સહીત અનેક મામલે સમસ્યાઓ ઉભી થઈ છે. આવા સંજોગોમાં પાણી ગટર ની લાઈન તેમજ માર્ગોને અપગ્રેડ કરવાની કામગીરી દરમિયાન પણ આ ફેન્સીંગના દબાણો નડતરરૂપ થાય છે. આ સ્થિતિને અનુલક્ષી તંત્ર દ્વારા રહીશોને ઘર આંગણે કરવામાં આવેલા ફેન્સીંગના દબાણો જાતે જ દુર કરી દેવા માટે જણાંવાયુ છે. જેથી લાઈનની કામગીરી દરમિયાન આ પ્રકારના દબાણો અવરોધરૂપ ન થાય ગાંધીનગર મ્યુનિ કમિશ્નરે પણ આ અંગે નાગરિકોને કામગીરીમાં સહકાર આપવા માટે જણાંવાયુ છે. જયારે ઘરની બહાર અનઅધિકૃત રીતે ફેન્સીંગ જાતે જ દુર કરવા અને સહકાર આપવા જણાવ્યુ છે. વધુમાં આ કામગીરી દરમિયાન નડતરરૂપ દબાણો દુર કરવા માટે જવાબદાર સંસ્થા દ્વારા દબાણો દુર કરાશે જયારે આ દરમિયાન કોઇ નુકશાન થશે તો તેની સઘળી

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં કોરોનાના ૫૭ નવા કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૦

ગુજરાતમાં વડાપ્રધઆન નરેન્દ્ર મોદી આવે તે પહેલા કોરોના ઘૂંટણીયે પડી ચુક્યો હોય તેવું લાગી રહ્યું છે. રાજ્યમાં આજે કોરોનાના ૫૭ કેસ નોંધાયા છે. તો બીજી તરપ ૧૧૧ દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં ૧૨,૧૧,૯૨૯ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૦૬ ટકાએ પહોંચી ચુક્યો છે. તો બીજી તરફ રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં આજે ૮૯,૯૭૯ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. બીજી તરફ એક્ટિવ કેસની સંખ્યા પણ ખુબ જ ઘટી ચુકી છે. રાજ્યમાં હાલ કુલ ૬૦૮ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૨ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૬૦૬ સ્ટેબલ છે. આ ઉપરાંત ૧૨૧૧૯૨૯ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યાં છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૧૦૯૩૮ નાગરિકોનાં મોત થઈ ચુક્યાં છે. જો કે રાહતના સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ નાગરિકનું મોત નથી થયું.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com